આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- કલ્પના શાહ

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ: ૨૫-૦૪-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

## બીજા તબક્કાના પ્રચાર પડઘમ શાંત

લોકસભાના બીજા તબક્કા માટે પ્રચાર અભિયાનના અંતિમ દિવસે ગઈકાલે  તમામ રાજકીય પક્ષોએ સભા, રેલીઓ કરીને મતદાતાઓને રિઝવવાનો પ્રયાસ કર્યો.

બીજા તબક્કામાં કુલ 89 બેઠકો માટે મતદાન થશે. જેમાં કેરળની તમામ 20 બેઠકો, કર્ણાટકની 14, રાજસ્થાનની 13, ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રની 8, મધ્ય પ્રદેશની 7, અસમ અને બિહારની 5, પશ્ચિમ બંગાળ, છત્તીસગઢની 3, જ્યારે કે ત્રિપુરા, જમ્મુ અને કાશ્મીરની એક-એક બેઠક પર આવતીકાલે મતદાન હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત  મણિપુર બાહ્યની 13 વિધાનસભા બેઠકો માટે પણ મતદાન થશે.

લોકસભા ચૂંટણીના ચોથા તબક્કા માટે ઉમેદવારી પત્રો ભરવાનો આજે છેલ્લો દિવસ છે. જ્યારે, આવતીકાલે ઉમેદવારીપત્રોની ચકાસણી કરવામાં આવશે અને 29મી એપ્રિલ સુધીમાં ઉમેદવારી પત્રો પરત ખેંચી શકાશે.

આગામી 13મી મેએ ચોથા તબક્કામાં 10 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની કુલ 96 લોકસભા બેઠકો પર મતદાન થશે. જેમાં ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, બિહાર, ઝારખંડ, ઓડિશા, પશ્ચિમ બંગાળ, આંધ્રપ્રદેશ, તેલંગાણા અને જમ્મુ અને કાશ્મીરનો સમાવેશ થાય છે.

**(RNU અમદાવાદ)**

---

## EVM-VVPAT સાથે ચેંડા અશક્ય-ચુંટણી પંચ

સર્વોચ્ચ ન્યાયાલયે વોટર વેરિફિએબલ પેપર ઑડિટ ટ્રેલ– VVPATની પેપર સ્લીપ સાથે ઇલેક્ટ્રોનિક વોટિંગ મશિનો (EVM)માં મતોની ગણતરીની ચોક્કસ સત્યાપનની માંગણી  કરતી અરજી પર સુનાવણી કરતા ચુકાદો સુરક્ષિત રાખ્યો છે.

ન્યાયામુર્તિ સંજીવ ખન્ના અને ન્યાયમૂર્તિ દીપાંકર દત્તાની ખંઠપીઠે EVMની કાર્યપ્રણાલી વિશે ભારતીય ચૂંટણી પંચને કેટલાક સવાલો પૂછ્યા હતા. સુનાવણી દરમિયાન બેંચે EVM અને VVPATની કાર્ય પ્રણાલીની સુરક્ષા સુવિધાઓને સમજવા માટે ચૂંટણી પંચના અધિકારીઓ સાથે વ્યાપક વાતચીત કરી હતી. આ મુદ્દે ચૂંટણી પંચે આશ્વાસન આપ્યું છે કે કોઈ પણ સ્તરે EVM સાથે ચેડા અશક્ય છે. ચૂંટણી પંચે કહ્યું કે અત્યાર સુધીમાં ખરાઈની 41 હજાર, 629  ઘટનાઓ સામે આવી છે, અને ચાર કરોડથી વધારે VVPAT પેપર સ્લીપને મેળવવામાં આવી છે.

**(RNU અમદાવાદ)**

---

## જિલ્લામાં 55 જેટલા વિશિષ્ટ શ્રેણીના મતદાન મથકો

જીલ્લામાં ચૂંટણીલક્ષી ગતિવિધિઓ તેજ બનતી દેખાઈ રહી છે. જીલ્લામાં કુલ 1845 મતદાન મથક પર ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાવાની છે. ચૂંટણીપંચની માર્ગદર્શિકા અનુસાર 55 જેટલા વિશિષ્ટ શ્રેણીના મતદાન મથકો નિર્ધારીત કરાયા છે. જે અંતર્ગત મતદાન બુથના સંચાલનમાં પણ મહિલાઓ, દિવ્યાંગો અને યુવાનોને કેન્દ્રમાં રાખ્યા છે, તો છ આદર્શ મતદાન મથક પણ ઉભા કરવામાં આવશે જેમાં પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા આવનાર મતદારો માટે તમામ પ્રકારની વ્યવસ્થાઓ ઉપલબ્ધ રાખવામાં આવશે.  લોકશાહીના મહાપર્વ માટે જેમ પ્રથમવાર મતદાન કરનાર મતદારોને પ્રોત્સાહિત કરાતા હોય છે તેજ રીતે આ વખતની ચૂંટણીમાં ભુજના એક મતદાન મથકનું પૂર્ણ સંચાલન 25 થી 30 વર્ષના યુવાનોને સોંપવામાં આવશે. એ જ રીતે નારીશકિતને ઉજાગર કરવા

માટે એક વિધાનસભા દીઠ છ સખી મતદાન મથક ઉભા કરવામાં આવશે. જેમાં પોલીંગ સ્ટાફ અને સુરક્ષા સ્ટાફની ફરજ મહિલાઓને સોંપવામાં આવશે. આ ઉપરાંત છ પોલીંગ બુથમાં દિવ્યાંગો સ્ટાફ ફરજ બજાવશે.

**(NP/કલ્પના શાહ)**

---

## મતદાતાઓને અવસર ડિસ્કાઉન્ટ આપવા અંગે બેઠકો

લોકસભા ચૂંટણી 2024 અંતર્ગત રાજ્ય ચૂંટણીપંચ દ્વારા સમગ્ર રાજ્યમાં મતદાનની ટકાવારી ઊંચી આવે તેવા હેતથી 15 દિવસીય કાર્યક્રમને અમલમાં મૂકવામાં આવ્યો છે. જિલ્લામાં અવસર ડિસ્કાઉન્ટ બાબતે મોટા શહેરો અને તાલુકાઓમાં વેપારીઓ, સંસ્થાઓ, મોલ માલિકો સાથે બેઠકો યોજવામાં આવી હતી. જેમાં મતદાનના દિવસે મતદાન કરનાર મતદાતાઓને આવા વેપારીઓ દ્વારા અવસર ડિસ્કાઉન્ટ હેઠળ 7 ટકા સુધીનું ડિસ્કાઉન્ટ ખરીદી કે સર્વિસ ઉપર આપવા વેપારીઓને જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આગ્રહ કરવામાં આવ્યો હતો. સમગ્ર જિલ્લામાંથી કુલ 70 ઉપરાંત વેપારીઓ દ્વારા અવસર ડિસ્કાઉન્ટની ઝુંબેશમાં સહભાગી થવાની અને લોકશાહીમાં પોતાનું યોગદાન આપવાની તત્પરતા બતાવાઈ હતી.

આ અવસર ડિસ્કાઉન્ટ અંગે સમગ્ર જીલ્લામાં તમામ તાલુકાઓમાં તાલુકા વિકાસ અધિકારીઓ દ્વારા 10 જેટલી બેઠકોનું આયોજન કરાયું હતું. જેમાં કુલ 239 કરતાં પણ વધુ વેપારી મિત્રો જોડાયા હતા.

**(NP/કલ્પના શાહ)**

---

## <u>ક્રિકેટ</u>

દિલ્હી કેપિટલ ટીમે ગુજરાત ટાઇટન્સને માત્ર 4 રન થી હરાવી આઇ પી એલમાં ચોથી સફળતા મેળવી છે. દિલ્હીમાં રમાયેલ મેચમાં દિલ્હીની ટીમે 4 વિકેટે 224 રન કર્યા હતા. ગુજરાતની ટીમ 8 વિકેટના ભોગે 220 રન કરી શકી હતી.

**(ચંદ્રવદન પટ્ટણી)**

---

## <u>ગરમીનું જોર વધવાની સંભાવના-હવામાન વિભાગ</u>

જીલ્લામાં છેલ્લા ત્રણેક દિવસથી તાપનો પ્રભાવ વધ્યો છે, ત્યારે સપ્તાહના અંત સુધીમાં ગરમીનું જોર ઉત્તરોત્તર વધવાની સંભાવના હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. મહત્તમ તાપમાન 42 ડિગ્રી સુધી પહોંચવાનો વર્તારો પણ આપવામાં આવ્યો છે. જિલ્લા મથક ભુજમાં સતત બીજા દિવસે તાપમાન 39 ડિગ્રીએ સ્થીર રહેવા સાથે લૂ ઓકતો પવન ફૂંકાતા જનજીવન અંગ દઝાડતા તાપથી અકળાયું હતું.

**(NP/કલ્પના શાહ)**

---